आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः
भारतीय विचार मंच



# વિચાર સંદેશ


વર્ષ : 2 * અંક : 14 * ઓગસ્ટ 2022 * યુગાબ્દ 5124


## આ અંકમાં વાંચો.

- ભારતમાં લોકતંત્ર અને મઝહબી ઉગ્રવાદ.
- પ્રાદેશિક કાર્યકર્તા અભ્યાસ વર્ગની વિગતો.
- ન્યાયતંત્ર પર ઊભા થઇ રહેલા પ્રશ્નો અંગે ચર્ચા.
- વિસ્મૃત સ્વાતંત્ર્ય સેનાનીઓનું પુનઃ સ્મરણ.








# વિચાર સંદેશ

વર્ષ : 2 અંક : 14
ઓગસ્ટ 2022 યુગાબ્દ 5124

## સંપાદકીય

જ્યારે જ્યારે સમાજના પ્રબુદ્ધ વ્યક્તિઓએ રાષ્ટ્ર ઉત્થાનના ધ્યેયનો સ્વીકાર કર્યો તે સમયે વ્યક્તિ અને સમાજનું પણ તેનાથી કંઈક ને કંઈક કલ્યાણ થયું છે. પરંતુ આગળ જતાં પોતાના એ કર્તવ્ય પ્રત્યે ભ્રમ અથવા અનાદર પેદા થતાં જ કર્મ માર્ગના વિષયમાં શિથિલતા આવે અને રાષ્ટ્રની અવનતિ થાય.

વૈચારિક ક્ષેત્રે કાર્યરત કાર્યકર્તાઓનું એક સામાન્ય અવલોકન રહ્યું છે કે વિચારનિષ્ઠા જ્યારે આચારનિષ્ઠામાં પરિવર્તિત થાય ત્યારે જ પરિવર્તન શક્ય બને. આ જ નિષ્કર્ષ જ્યારે સ્વમૂલ્યાંકનના હેતુથી પણ ઉપયોગમાં લેવાય ત્યારે કાર્ય તથા સ્વયંની સ્થિતિ બાબતે સ્પષ્ટતા વધતી જાય છે.

વિચારોના નિરંતર વહેતા પ્રવાહના સંદર્ભમાં, અત્યંત સૂક્ષ્મ દ્રષ્ટિથી નિરીક્ષણ કરીને આવશ્યક અભ્યાસ, સંશોધન સહાયતા જેવાં કામો માટે પણ માનસિકતા કેળવીને કાર્યકર્તાઓ સજ્જ થઈ રહ્યા છે. મોટાભાગનાં કેન્દ્રોની નિયમિત રૂપે ચાલતી બેઠકોમાં આનું પ્રતિફળ જોવા મળ્યું. મહત્વના વિષયો ઉપર સ્વ-અધ્યયન તથા પરિપક્વ ચર્ચા જેવા પ્રયત્નોને પણ અન્ય ગતિવિધિઓની ચર્ચા જેટલું જ પ્રાધાન્ય અપાયું.

ઉપરોક્ત તાત્વિક મુદ્દાઓ ઉપર ગહન ચિંતન થઈ શકે એવા એક શ્લોક સાથે સૌને પ્રણામ.

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिता:।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्।।
( गीता अध्याय ४, श्लोक १६ )

અર્થાત્

કર્મ શું છે અને અકર્મ શું છે તેનો નિર્ણય કરવામાં બુદ્ધિમાન પુરુષ પણ મોહિત થઈ જાય છે. એટલે એ કર્મતત્વ હું તને બરાબર સમજાવીને કહીશ, જે જાણીને તું અશુભથી અર્થાત્ કર્મબંધનથી મુક્ત થઈ જઈશ.

**સંપાદક**
પંકજ પુરોહિત

લે-આઉટ અને ડિઝાઇન
વૈભવસિંહ ઠાકોર

3
સહચિંતન

6
કેન્દ્રશઃ કાર્યક્રમો

17
પુસ્તક પરિચય

19
આગામી કાર્યક્રમો

22
ઉત્તમ સાહિત્ય ઓનલાઇન ઉપલબ્ધ

23
વિચાર બોધ

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક

**વ્યવસ્થાપક**

જ્વનિલ દ્વિવેદી

ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :

bvmguj@gmail.com

7405862697

# સહચિંતન

આત્મીય બંધુગણ

આપણે બધા કાર્યકર્તા છીએ અને વૈચારિક ક્ષેત્રના કાર્યકર્તાઓ છીએ. અને કાર્યકર્તા તરીકે કાર્યનો આધાર છીએ. વૈચારિક કાર્યની સંપૂર્ણ ઇમારત જેમના આધારે ઊભી રહેવાની છે તે છે કાર્યકર્તા. એટલે આપણી પોતાની યોગ્યતા વધારતા જવું એ આપણી પહેલી આવશ્યકતા અને જવાબદારી છે.

आ नो भद्रा क्रतवो यन्तु विश्वत: (સર્વ દીશાઓથી આવતા શ્રેષ્ઠ વિચારોનું સ્વાગત છે) એ આપણું સૂત્ર છે. આજે આપણા દેશમાં એક દુર્ભાગ્ય એવું છે કે કાર્ય અંગેનાં સૂત્રો અને વ્યવહાર એ બેની વચ્ચે ઘણું મોટું અંતર હોય છે. આપણી સંસદનું સૂત્ર છે 'धर्मचक्रप्रवर्तनाय' અને ઉચ્ચ ન્યાયાલયનું સૂત્રવાક્ય છે, 'यतो धर्म स्ततो जय'.. આ સૂત્ર વાક્યો છે અને થાય છે શું ? તો આ વિસંગતિઓ કાર્યના મૂળ સ્વરૂપને હાનિ પહોંચાડનારી સૌથી મોટી વસ્તુઓ છે. એ દ્રષ્ટિથી કેટલીક મનમાં આવતી વાતો મૂકું છું.

આજે સવારથી હનુમાનચાલીસા મગજમાં ઘૂસી ગઈ. મહાબલી હનુમાનનું આ પ્રબળ આક્રમણ હતું. અને હનુમાનચાલીસા ઘૂસી એટલે તેની પહેલી પંક્તિ સર્વપ્રથમ ઘૂસી. તેમનાં માટે વપરાએલું પહેલું વિશેષણ છે. ज्ञानगुन सागर. મનમાં આવ્યું, અરે ! મહાબલવાન તો બરાબર છે પણ એક વાનર જ્ઞાની કેવી રીતે ? અને એ પણ સામાન્ય જ્ઞાની નહીં, ज्ञानगुन सागर. જેણે સ્નાતક, અનુસ્નાતક નથી કર્યું, કોઈ પણ વિષયમાં શોધનિબંધ નથી લખ્યો. જે પી.એચ.ડી. કરીને ડૉક્ટરપદ પ્રાપ્ત નથી કરી શક્યો, જેણે લખેલાં કાવ્યો કે દર્શનગ્રંથો વિશ્વવિદ્યાલયોનાં અધ્યયનક્ષેત્રમાં નથી, તે જ્ઞાની કેવી રીતે ? અને ચાર વેદનો જ્ઞાતા, શિવતાંડવ સ્તોત્ર જેવાં આજે પણ શિવસ્તુતિ માટે ઉપયોગી ગણાતાં સ્તોત્રનો રચયિતા, સામવેદને આધારે અને દશ મસ્તકમાંથી નવ (૯)મસ્તકો કમળપૂજા તરીકે કાપીને ભગવાનને સમર્પિત કરી ભગવાન શિવને પ્રસન્ન કરી પોતાની માતાને માટીમાંથી બનાવેલાં શિવલિંગથી પૂજા ન કરવી પડે તે માટે આત્મલિંગસ્વરૂપે પોતાની સાથે લંકામાં આવવા માટે ફરજ પાડનાર મહાભક્ત બ્રાહ્મણકુલોત્પન્ન રાવણ રાક્ષસ. તેને માટે જ્ઞાનગુણ સાગરની ડિગ્રી નથી. આ વાલ્મિકી કે ગોસ્વામી તુલસીદાસ જેવા કવિઓને શું કહેવું ? કદાચ આ કવિઓએ પણ યુનિવર્સિટી શિક્ષણ લઈને ડોક્ટરેટ નથી મેળવી તેનું આ પરિણામ ગણવું ? હનુમાનને જ્ઞાનગુણસાગર અને રાવણને રાક્ષસ માનવો કે ન માનવો ? કાર્યકર્તાએ આખા વિષયને કેવી રીતે લેવો ? હું પણ કાર્યકર્તા છું એટલે મારે પણ કેવી રીતે લેવો ? એટલે મેં હનુમાનચાલીસાની આગળની પંક્તિઓનો વિચાર શરૂ કર્યો. તેમાંથી મારા મનમાં જે આવ્યું તે જ લખું છું. એક તો છે,' कुमति निवार सुमति के संगी' અર્થ શું ? વિચાર કરીએ, જેનું એક પણ ચિત્ર કે પ્રતિમા લંગોટ સિવાયનાં કોઈ પણ વસ્ત્ર પહેરેલી જોઈ નથી.

(ઓછામાં ઓછું મેં તો નથી જોઈ) તેને સુવેષા કેમ કહ્યું ? અંગ્રેજી કે ભારતીય બેમાંથી એકે ભદ્રવેષ નથી પહેર્યો, દરબારમાં જતાં પણ નથી પહેર્યો તે સુવેષા કેવી રીતે ? તો આગળની પંક્તિ છે, ,' कुमति निवार सुमति के संगी' જે હંમેશાં કુમતિ(દુર્બુદ્ધિ)નાં નિવારણ માટે અને સુમતિ(સદબુદ્ધિ)ની સહાયતા માટે તત્પર છે તેને કોઈ વ્યાવહારિક ભદ્રવેશની આવશ્યકતા નથી. એક અન્ય પંક્તિ છે, 'तुम्हरो मंत्र विभीषण माना, लंकेश्वर भये सब जग जाना' જેણે અશોકવાટિકા ઉજ્જડ કરી સીતાને રામનો સંદેશ પહોંચાડયો, રામને સીતાનો પત્તો મેળવી આપ્યો, રામસેતુ માટે અથક પ્રયાસ કર્યો, લક્ષ્મણને બચાવવા સંજીવની લાવ્યો અને ઉચ્ચશિક્ષિત ન હોવાથી વનસ્પતિ ઓળખી ન શક્યો તો કામ બાબતે હાથ ઊંચા કરી દેવાને બદલે આખો મંદાર પર્વત જ ઉપાડી લાવ્યો, રાવણની હિંમત તોડવા અને આર્થિક મોટો ફટકો મારવા સંપૂર્ણ સુવર્ણલંકાનું દહન કર્યું, વિભીષણને સમજાવીને રામના હિતમાં પક્ષપલટો કરાવ્યો અને આટલાં બધાં પરાક્રમ કર્યાં પછી અને રામ લક્ષ્મણનું માતૃભૂમિના મોહને કારણે સ્વર્ણમયી લંકા છોડી અયોધ્યા જવાનું નક્કી થઈ ગયું ત્યારે પોતાનાં આટલાં બધાં પરાક્રમો અને રામને કરેલી સહાયતાનાં વળતરરૂપે લંકાનું રાજ્ય મળવું સાવ સહેલું હતું, લૌકિક દ્રષ્ટિથી તે તેનો અધિકારી પણ હતો ત્યારે લંકાનું રાજ્ય પોતે માગવાને બદલે વિભીષણને અપાવ્યું અને પોતે રામની સેવા માટે અયોધ્યા પાછા જવાનું પસંદ કર્યું. એવો લૌકિક દ્રષ્ટિથી મૂર્ખ અને નાસમજ માણસ માત્ર એટલા માટે ज्ञानगुन सागर ? વિચારીએ.

બીજું ઉદા.લક્ષ્મણનું, રામ પછી સ્વાભાવિક જ આયોધ્યાના સિંહાસન માટે સૌથી વધુ અધિકાર જેનો હતો તે લક્ષ્મણ પોતાની પત્નીને પણ એકાકી છોડી મોટાભાઈની સાથે જંગલમાં ભટકવા તૈયાર થઈ ગયો, રસ્તામાં પડેલાં સીતાનાં આભૂષણોમાંથી માત્ર નૂપુરને જ ઓળખી શક્યો એવો રાજકુમાર. એને શું કહેવું ? પત્ની માટે તો તે ઘરેણાં લાવ્યો જ હશે ને ! પણ સમજ કેટલી ઓછી. અને તે અલ્પમતિ છુપાવવા તેને ચારિત્ર્ય સાથે જોડીને नुपूरम् चैव जानामि नित्यं चरणवंदनात | કહી દીધું. તે લક્ષ્મણ આપણો આદર્શ ?

ભગવાન આદિ શંકરાચાર્યનો (જેમનો આત્મવિશ્વાસ એટલો બધો હતો કે મારો શંખનાદ જેમનાં કાનમાં જશે તે તમામ મારાથી જિતાઈ જશે.) શાસ્ત્રાર્થ મહાપંડિત મંડનમિશ્ર સાથે થયો. આ પણ એક વિચારણીય ઉદાહરણ છે. શાસ્ત્રાર્થની શરત એ હતી કે શંકરાચાર્યનો પરાજય થશે તો તેઓ તેમનો માર્ગ ત્યાગી દેશે અને પંડિત મંડનમિશ્રનો પરાજય થશે તો તેઓ સંન્યાસ ગ્રહણ કરી શંકરાચાર્યનું શિષ્યત્વ સ્વીકારશે. કોઇ ન્યાયાધીશ તો જોઈએ જ. આવા દિગ્ગજોના ન્યાયાધીશ બનવાની હિંમત કોણ કરે ? તો પસંદગી થઈ પંડિત મંડનામિશ્રનાં પત્ની દેવી શ્યામભારતીની. પંડિતજીએ તેને માટે સંમતિ આપી ત્યારે શું ભાવ હશે મનમાં ? મારી પત્ની છે, હું હારીશ તો ઘર છોડી સંન્યાસી થઈ ગૃહત્યાગ કરવાનો છું એ બધી જ આપત્તિઓનાં નિવારણ માટે અને પતિ પરાજિત થઈને ઘર ન છોડી દે તે માટે મારા પક્ષમાં જ ચૂકાદો આપશે ને ! એવો ભાવ હશે ? શંકરાચાર્યનાં મનમાં એવી બીક નહીં હોય કે એક પત્ની તો પતિના પક્ષમાં જ ચૂકાદો આપશે ને ! તેમને એવી આશા નહી હોય કે પતિથી એટલી કંટાળી હશે કે આ તકનો પૂરો લાભ લેશે. શાસ્ત્રાર્થ થયો. ચૂકાદો અપાયો. ચૂકાદો કયા શબ્દોમાં અપાયો ? દેવી શ્યામભારતીએ પતિનો પરાજય જાહેર કરી તેમને આમંત્રણ આપતાં કહ્યું, આપ પ્રથમ ભીક્ષા મારે ઘેર લેવાની કૃપા કરો. ઇંડિયન પિનલ કોડની કોઈ કલમ નહીં, ઉચ્ચ ન્યાયાલયમાં અપીલ નહીં, પોતાનાં વ્યક્તિગત નુકસાનનો ન્યાયમૂર્તિ દ્વારા કોઈ વિચાર નહીં. આને વિષે શું વિચારવું ? કેવી રીતે વિચારવું ? વિચારીએ..

મગધસમ્રાટ દ્વારા થએલાં અપમાનને નિમિત્ત બનાવી અધર્માધિષ્ઠિત ધનનંદનાં સામ્રાજ્ય અને નંદવંશનાં નાશની ભીષ્મપ્રતિજ્ઞા લઈ ધર્મસ્થાપના માટે પોતાનું શિક્ષણનું સ્વીકૃત જીવનકાર્ય છોડી રાજકારણમાં સક્રિય થએલા અને પોતાની બુદ્ધિશક્તિને ચંદ્રગુપ્તનાં પરાક્રમ સાથે જોડી નંદવંશના વિનાશની પ્રતિજ્ઞા પૂર્ણ કરી મૌર્યવંશનું રાજયસ્થાપન કરી તેનાં મહાઅમાત્ય બનવું જેમનાં માટે સહજ અને સ્વાભાવિક હતું તે આચાર્ય વિષ્ણુગુપ્તે નંદવંશના આધારસ્તંભ એવા રાક્ષસમંત્રીનાં ગુણો પારખી તેનો ધર્મસ્થાપનામાં ઉપયોગ કરવા તેને મહાઅમાત્ય બનાવી ફરીથી પર્ણકુટીમાં શિક્ષકનું કાર્ય કરવા બધું છોડી દીધું. શિક્ષણમાં રસ હોત તો તેઓ મગધ સામ્રાજ્યના શિક્ષણમંત્રી, ઉચ્ચ શિક્ષણમંત્રી પણ બની શક્યા હોત પણ વ્યાવહારિક સમજને અભાવે તેમને તે સૂઝ્યું જ નહીં.

અત્યંત ક્રૂર અને ધર્માંધ(મતાંધ)શાસક બાદશાહ ઔરંગઝેબના ત્રાસથી બચવા અને તેનું શરણ સ્વીકારી, આવશ્યક લાગે તો બહેન કે દીકરી ઔરંગઝેબ અથવા તેના કોઈ પુત્રને સમર્પિત કરવાને બદલે ધર્મસંઘર્ષ માટે સર્વસ્વનાં બલિદાન માટે તત્પર થઈ દક્ષિણમાં દિલ્હીના ધર્માંધ શાસન સાથે સંઘર્ષનો ધ્વજ ફરકાવી હિંદવી સ્વરાજ્ય માટેની પ્રતિબદ્ધતા પ્રકટ કરનારા છત્રપતિ શિવાજી મહારાજનું માર્ગદર્શન અને મદદ લેવા રાજા છત્રસાલ તેમની પાસે પહોંચ્યા. છત્રપતિ શિવાજી માટે રાજયવિસ્તારની આ એક મોટી તક હતી. છત્રસાલને પોતાના ખંડિયા રાજા બનાવી રાજયવિસ્તાર કરવાને બદલે તેમને હિંમત, માર્ગદર્શન અને આવશ્યક તમામ સહાયતા કરવાનું વચન આપી ત્યાં તમે સંઘર્ષ કરો, અહીં હું છું. બધા મળીને આ પરદેશી પરધર્મી આક્રમકોને હિમાલયની પેલે પાર મોકલી હિંદવી સામ્રાજ્યની સ્થાપના કરીએ એમ કહી પાછા મોકલ્યા. આને શું કહેવું ?

છત્રપતિનું એક બીજું ઉદાહરણ, ઔરંગઝેબનું દાસત્વ સ્વીકારી ચૂકેલા મહાપરાક્રમી અને ભગવાન એકલિંગજીની પૂજા વગર પાણી પણ ન પીનારા અને પોતાના સ્વામી મોગલસામ્રાટ ઔરંગઝેબ સામે દક્ષિણમાં વિદ્રોહનો ધ્વજ ફરકાવી ચૂકેલા શિવાજીને જીવતો કે મરેલો પોતાનાં સ્વામીનાં ચરણોમાં હાજર કરવાનાં સંકલ્પને દેવોના આશીષ મળે તે હેતુથી કાશીના પંડિતો દ્વારા બગલામુખી દેવી કાલિકાનો કોટિચંડી યજ્ઞ કરી બ્રાહ્મણ પંડિતોના આશીર્વાદ મેળવી દક્ષિણ પર આક્રમણ કરનારા સૂર્યવંશી રાજા જયપુર નરેશ 'મિર્ઝા રાજા જયસિંહથી પરાજિત થતાં પહેલાં તેમને એક પત્ર લખનારા શિવાજીએ શું લખ્યું હતું ? તો તેમણે લખ્યું, 'દુર્ભાગ્ય છે કે તમે એક ધર્માંધ પરકીય શાસક માટે ધર્મરાજયની સ્થાપનાના પ્રયાસને નષ્ટ કરવા આવી રહ્યા છો. તમે જો તમારે માટે દક્ષિણનો વિજય કરવા આવ્યા હોત તો હું તમારા ઘોડાની લગામ પકડી સંપૂર્ણ દક્ષિણમાં તમારી

સાથે ચાલ્યો હોત અને ઉત્તરમાં તમે અને દક્ષિણમાં હું એમ બંને મળી આ પરકીય, પરધર્મી આક્રમકોને પરાજિત કરી એક ધર્મરાજ્યની સ્થાપના કરી હોત.' આ પત્ર છપાએલો છે અને નિશ્ચિત રૂપે પઠનીય છે.

એક વિરાટ અને શક્તિશાળી સંગઠનના વડા અને લાખો અનુયાયીઓ જેનું માર્ગદર્શન લઈ રહ્યા હતા તેમનાં સંપર્ક અને માર્ગદર્શન માટે ૩૩ વર્ષના જવાબદારી કાળમાં ૫૦ વખત ભારતપ્રવાસ કરનારા અને મોટાભાગના રાષ્ટ્રશત્રુઓ માટે સૌથી મોટો કંટક હતા તે મહાનુભાવને એક ખ્યાતનામ સામાયિકે(મેગેઝીને) પોતાના દેશભરના વિવિધ વિચારધારાના અને વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો પાસેથી સામાન્ય જનસમાજનાં માર્ગદર્શન માટે તેમનું જીવનસૂત્ર પ્રાપ્ત કરવાના કાર્યક્રમ હેઠળ એક પ્રશ્ન પૂછ્યો, આપનો પ્રેરક જીવનસંદેશ શું છે ? અનેક મહાનુભાવો દ્વારા પ્રાપ્ત કરાએલા સૂત્રવાક્યોમાં કદાચ સૌથી નાનું સૂત્ર હતું, 'मैं नहीं तू हीं' આપણે જાણીએ જ છીએ કે તે મહાનુભાવ કોણ હતા.

એક છેલ્લું ઉદા. આપી પૂર્ણ કરું,

'मैं नहीं तू हीं'' જેમનું સૂત્રવાક્ય હતું તેમની પાસેથી જ સમાજ માટે સર્વસ્વસમર્પણની પ્રેરણા પ્રાપ્ત કરનારા અતિપ્રસિદ્ધ ચિંતક, વિચારક, લેખક, સમાજજીવનનાં અનેક ક્ષેત્રોમાં થઈ રહેલાં સામાજિક કાર્યોના પ્રારંભકર્તા અને માર્ગદર્શક મહાનુભાવને 'પદ્મશ્રી' એનાયત કરવાનું શાસને નિશ્ચિત કર્યું ત્યારે તેમાં ધન્યતા માનવાને બદલે જેમણે 'જો મને જે આપવાનું નક્કી થયું છે તે પદ જો હું જે 'સ્કૂલ ઓફ થોટ્સ'નું પ્રતિનિધિત્વ કરું છું તે વિચાર માટે હોય તો હું તેને માટે યોગ્ય નથી. હું તો એ 'સ્કૂલ ઓફ થોટ્સ'નો વિદ્યાર્થી છું. જો એ 'સ્કૂલ ઓફ થોટ્સ'ને જ વિભૂષિત કરવી હોય તો તેના આદ્યપ્રવર્તકને ભારતરત્ન અપાવો જોઈએ. એ જો ન અપાતો હોય તો હું આ 'પદ્મશ્રી'નો અસ્વીકાર કરું છું.' આ નામનો પણ ઉલ્લેખ નથી કરતો. આપણે આવશ્યક લાગે તો શોધી કાઢીએ.

આ બધાં જ ઉદાહરણો મોટે ભાગે વ્યાવહારિક સમજદારીના અભાવને દર્શાવનારા છે. છતાં અનુકરણીય કેમ છે ? તો આ નામો પદ્મશ્રી, પદ્મવિભૂષણ, ભરતરત્નથી ધન્ય થનારાં નથી પણ પદ્મશ્રી, પદ્મવિભૂષણ, ભરતરત્નને વિભૂષિત કરનારાં છે. રા. સ્વ. સંઘના વડા ગત ઘણાં વર્ષથી જે 'સ્વાધીનતાથી સ્વતંત્રતા તરફ' કહી રહ્યા છે અને આપણો ભારતીય વિચાર મંચ આ વર્ષે જે વિષય પર બહુઆયામી વિમર્શ આમંત્રી રહ્યો છે તે તરફ જવા માટેનાં પ્રેરક ઉદાહરણો છે.

કંસવધ કરી પોતે મથુરા નરેશ બનવાને બદલે કંસના પિતા ઉગ્રસેનને મથુરાનરેશ બનાવનારા કૃષ્ણ ક્યાંયના રાજા ન હોવા છતાં સંપૂર્ણ જગતના માનવધર્મના પ્રેરક, વંદનીય, અનુકરણીય અને પોતપોતાની ક્ષમતા અનુસાર અનુસરણીય છે. જ્યારે કંસ દુષ્ટતાનું પ્રતીક છે અને ઉગ્રસેનને કોઈ યાદ પણ કરતું નથી.

આપણે બધા સ્વાધીનતાથી સ્વતંત્રતા તરફ જવાના એટલે કે વિશ્વકલ્યાણક ભારતને ફરી વિશ્વકલ્યાણક ભારત બનાવવાનાં મહત્ત્વનાં કાર્ય માટે પ્રતિબદ્ધ અને સંકલ્પબદ્ધ કાર્યકર્તાઓ છીએ તેથી આ ઉદાહરણોએ બતાવેલો માર્ગ, શિખવાડેલો વ્યવહાર સમજવાની દ્રષ્ટિથી વિચાર અને તે વિચાર અનુસાર આચરણ કરીશું તો તે કાર્યની સફળતાનું નિમિત્ત બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકીશું.

આ જ વિચાર ભારતીય વિચાર છે, હિંદુ વિચાર છે અને એટલે જ સિકંદરને પોતાનાં જીવનની સફળતા વિશ્વવિજેતાનું પદક પ્રાપ્ત કરવામાં લાગી(બની ન શક્યો તે એક જુદી વાત છે) જ્યારે ચંદ્રગુપ્ત અને શિવાજી મહારાજ જેવા ભારતીય રાજાઓને વિશ્વકલ્યાણના અને જનકલ્યાણનાં નિમિત્ત બનવામાં જ ધન્યતા લાગી. આ જ વિશ્વકલ્યાણક વિચારને પ્રસ્થાપિત કરવાના નિમિત્ત બનીએ એવી શુભકામના સહિત આ પણ મારો વિચાર જ છે. સહચિંતનરૂપે આપની સામે વિચાર માટે મૂકું છું.

ભવદીય

સહચિંતનમાં સહભાગી

# ભારતીય વિચાર મંચ - ગાંધીનગર કેન્દ્ર

## વિચાર ગોષ્ઠી

ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા "भारत में लोकतंत्र और मझहबी उग्रवाद" એ વિષય ઉપર વિચાર ગોષ્ઠીનું આયોજન થયું.




ગાંધીનગર: અષાઢ વદ ત્રીજ, વિ.સં. ૨૦૭૮ (તા. ૧૬/૦૭/૨૦૨૨), શનિવારના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે સાંજે ૬.૩૦ વાગ્યે ગુજરાતના વૈચારિક જગતમાં કાર્યરત એવા ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્ર દ્વારા "भारत में लोकतंत्र और मझहबी उग्रवाद" વિષય ઉપર વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી પ્રો. અશ્વિની મહાપાત્ર ( પૂર્વ ડીન, જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલય, નવી દિલ્હી ) ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ ચિલ્ડ્રન યુનિવર્સિટીના પૂર્વ વા.ચા. શ્રી હર્ષદભાઈ શાહે દ્રકતાશ્રીને ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત પુસ્તકો ભેટમાં આપીને તેમનું સન્માન કર્યું.




ત્યાર બાદ વકતાશ્રીએ પોતાના ઉદબોધનમાં નીચે મુજબના પ્રમુખ મુદ્દાઓ ઉપર પ્રકાશ પાડ્યો હતો.

- ભારતીય સંસ્કૃતિના મૂળમાં જ લોકશાહી છે. પ્રાચીન વૈશાલી રાજ્યમાં જનપદ વ્યવસ્થા દ્વારા લોકશાહીના બીજ સમગ્ર વિશ્વમાં રોપાયાં હતાં.

- રીલીજીઅન શબ્દનો અર્થ ધર્મ નહીં પરંતુ સભ્યતા અને જીવન જીવવાની પદ્ધતિ એવો થાય છે. એટલે જ એ દરેક દેશ, ખંડ પ્રમાણે બદલાય છે પરંતુ જ્યારે એક દેશની સંસ્કૃતિને બીજા દેશના લોકો પર થોપવામાં આવે છે ત્યારે એમાંથી ધાર્મિક ઉગ્રવાદનો જન્મ થાય છે.



- ભારતની સનાતન સંસ્કૃતિ સર્વે માનવજાતનું કલ્યાણ એ મૂળ સિદ્ધાંત પર આધારિત છે તેથી ભારતે હંમેશા સર્વસમાવેશી અભિગમ અપનાવીને બધાને આવકાર્યા છે. આ બાબતને નબળાઇ માનીને ઝનૂની વિદેશી આક્રંતાઓએ વારંવાર ભારત પર આક્રમણ કરીને ભારતીય સંસ્કૃતિનો નાશ કરવા પ્રયત્ન કર્યો છે.

- ભારતની આઝાદી પહેલા અંગ્રેજો અને આઝાદી બાદ ચોક્કસ રાજકીય પક્ષોએ પોતાનો સ્વાર્થ સાધવા માટે લઘુમતીઓને આધુનિક શિક્ષણની જગ્યાએ મદરેસાઓ દ્વારા ધાર્મિક શિક્ષણ આપીને કટ્ટરવાદમાં વધારો કર્યો છે.

- આજે પણ ભારતમાં રહેતા લઘુમતી કોમના લોકો વિદેશી શક્તિઓના હાથા બનીને અહીંની સંસ્કૃતિ અને વારસાને નુકસાન પહોંચાડવામાં લાગેલા છે. એમને રોકવા માટે ટૂંકા ગાળાના ઉપાયો જેવા કે Crack down અને containment ની સાથે લાંબા ગાળાની યોજના જેમ કે criticism, ignorance, dialogue, engagement જેવા ઉપાયો પણ પ્રબુદ્ધ લોકોએ અપનાવવા પડશે.



ત્યારબાદ વક્તા દ્વારા શ્રોતાઓ સાથે પ્રશ્નોત્તરીના માધ્યમથી જિજ્ઞાસા સમાધાન પણ કર્યું. મંચના અધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ વાટલિયા દ્વારા આભાર વિધિ કરવામાં આવી. અંતે બધા શાંતિ મંત્રનો પાઠ કરી છુટા પડ્યા. બધા શ્રોતાઓ દ્વારા આ વકતાશ્રીનો ખુબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

આ વિચારગોષ્ઠિમાં ગાંધીનગરમાંથી ૯૫ જેટલા પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રોતાઓએ ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત પુસ્તકોની ખરીદી પણ કરી.



# <u>ભારતીય વિચાર મંચ -યુવા આયામ : સુરત કેન્દ્ર</u>

**કટોકટીનાં સંસ્મરણો અને બોધપાઠ**

તારીખ: ૧૮/૦૬/૨૦૨૨, શનિવાર

વિષય : કટોકટીનાં સંસ્મરણો અને બોધપાઠ

વક્તા : કૈલાસજી શર્મા

કુલ હાજર સંખ્યા : ૩૬



સુરતના વરાછા વિસ્તાર માં પ્રથમ વખત 'યુવા આયામ' નો કાર્યક્રમ થયો. યુવાનો સાથે અન્ય વય વર્ગના પણ થોડા લોકો જોડાયા હતા.

વક્તા શ્રીએ ખૂબ ઊંડાણ પૂર્વક વિષયની માહિતી આપી. તેઓએ પોતે પણ કટોકટીના સમયે જેલવાસ ભોગવ્યો હતો એ અનુભવના આધારે પરિસ્થિતિનું વર્ણન કર્યું.



શાસક પક્ષ દ્વારા એ સમયે ગુજારવામાં આવેલા અત્યાચાર અને લોકોના મૂળભૂત અધિકારો સાથે કરેલા અન્યાયો વિશે રસપ્રદ માહિતી આપી.



કટોકટીના સમયે જ્યારે દેશમાં નિરાશાનો માહોલ સર્જાયો હતો ત્યારે રા.સ્વ. સંઘ દ્વારા કરવામાં આવેલા વિવિધ રચનાત્મક સત્યાગ્રહો વિશે પણ માહિતી આપી. કટોકટીની આપદાને દુર કરવામાં રા.સ્વ.સંઘની ખૂબ મહત્વપુર્ણ ભુમિકા હતી એ વિશે પણ વાતો કરી. સ્વયંસેવકો અને સંઘના અધિકારીઓ દ્વારા પણ લોકતંત્રને બચાવવા માટે કરેલા પ્રયાસોનું વર્ણન કર્યું. કાર્યક્રમમાં સુરત કેન્દ્રના અધ્યક્ષ શ્રીમતી ડો.મેધાબેન પટેલ અને સહમંત્રી શ્રી ડો.અરવિંદભાઈ દુધાત પણ હાજર રહ્યા.



# ભારતીય વિચાર મંચ : ગાંધીધામ કેન્દ્ર

ભારતીય વિચાર મંચ, ગાંધીધામ કેન્દ્ર દ્વારા તા.૭/૭/૨૦૨૨ સાંજે ૦૭.૩૦ થી ૦૯.૦૦ વાગ્યા દરમિયાન "ન્યાયતંત્ર પર ઊભા થઇ રહેલા પ્રશ્નો" વિષય પર ચર્ચા સત્ર યોજવામાં આવ્યું હતું, જેમાં નગરના કુલ ૧૬ પ્રબુદ્ધજનોએ ભાગ લીધો. ચર્ચા સત્રના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ રહ્યા.



૧) આજે સમગ્ર દેશનું ધ્યાન સુપ્રીમ કોર્ટના કામકાજ પર કેન્દ્રિત છે. ૨) સુપ્રીમ કોર્ટના આદરણીય ન્યાયાધીશે નુપુર શર્માને તેમની અરજીને ધ્યાનમાં લીધા વિના દેશભરમાં બની રહેલી એકંદર ઘટનાઓ માટે જવાબદાર ગણાવીને રાષ્ટ્રની માફી માંગવા કહ્યું. ૩) આવો આદેશ આપનાર ન્યાયાધીશ શ્રી એ ઉદયપુર હત્યા કેસ અને દેશના અન્ય ભાગોમાં વિધર્મીઓ દ્વારા કરવામાં આવી રહેલી ખલેલને સીધી રીતે ન્યાયી ઠેરવી. ૪) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ શ્રી એ, પિટિશનના મુખ્ય વિષયને ધ્યાનમાં ન લેતાં, આશ્ચર્યજનક રીતે, તેમના અધિકારક્ષેત્રની બહાર મૌખિક નિર્દેશ આપ્યો. ૫) એવું લાગે છે કે ઉપરોક્ત ન્યાયાધીશે પૂર્વગ્રહના આધારે પોતાનો ચુકાદો આપ્યો છે. ૬) નુપુર શર્માએ તેની અરજીમાં એક જ વિષયમાં અલગ-અલગ જગ્યાએ નોંધાયેલા કેસને એક જ કોર્ટમાં ટ્રાન્સફર કરવા અને તે જ કેસ હેઠળ કેસ ચલાવવા માટે અરજી કરી હતી. ૭) આ પ્રકારના નિર્દેશો આપતા જજના ભૂતકાળને જોતા ખબર પડે છે કે તેઓ ભૂતકાળમાં પણ આવા બેજવાબદારીભર્યા નિર્ણય માટે તેમની સામે પ્રશ્નો ઊભા થયા છે. ૮) કેટલાક ભૂતપૂર્વ ન્યાયાધીશો અને જાણીતા બૌદ્ધિકોએ લેખિત પત્રો દ્વારા આવા નિર્દેશોનો વિરોધ કર્યો છે. ૯) સર્વોચ્ચ અદાલતે તેની કામગીરીનું મૂલ્યાંકન કરવાની જરૂર છે. ૧૦) એક સામાન્ય માન્યતા એવી પણ છે કે સર્વોચ્ચ અદાલતના મોટા ભાગના ન્યાયાધીશોનું વર્તન બેજવાબદાર અને ડાબેરી છે. ૧૧) ન્યાયાધીશોની ચૂંટણી માટેની કોલેજિયમ સિસ્ટમ બંધારણીય નથી.૧૨) ચર્ચા દરમિયાન નુપુર શર્માની ટિપ્પણી માત્ર કુરાનના આધારે હતી, તેમાં કંઈ નવું નથી એવો ઉલ્લેખ પણ થયો. ૧૩) કોર્ટના ન્યાયાધીશ નિયંત્રણ વિનાના હોય છે, આવી સામાન્ય જનતાની માનસિકતા છે. ૧૪) કોઈપણ કેસના સંદર્ભમાં "મારી સમક્ષ નોંધ" નિર્દેશિત કરવાનો કોઈપણ ન્યાયાધીશનો અધિકાર આશ્ચર્યજનક છે. ૧૫) કોઈપણ કેસને કોઈપણ સમયગાળા માટે મુલતવી રાખવાની કોર્ટની સ્વતંત્રતા નોંધપાત્ર છે. ૧૬) સામાન્ય જનતા હંમેશા કોર્ટના કામકાજને શંકાની નજરે જુએ છે. ૧૭) આતંકવાદી માટે અડધી રાત્રે પણ કોર્ટના દરવાજા ખોલવામાં આવે છે, પરંતુ એક સામાન્ય વ્યક્તિ દર વર્ષે કોર્ટમાં

તેની અરજી સાંભળવા આતુર હોય છે. ૧૮) નિચલા સ્તરની અદાલતના ન્યાયાધીશ પણ પોતાને બંધારણથી ઉપર માને છે. ૧૯) સામાન્ય લોકોને વિચિત્ર "કોલેજિયમ વર્કિંગ સિસ્ટમ" વિશે કોઈ ખ્યાલ નથી. ૨૦) આ કોલેજિયમ બોર્ડ માત્ર તેની વિચારધારાના કાયદાશાસ્ત્રીઓને આગળ કરે છે, એવો સામાન્ય અભિપ્રાય છે. ૨૧) વર્ષ ૧૯૯૩માં સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી, રાષ્ટ્રપતિ કોલેજિયમ બોર્ડની નિમણૂકના પ્રસ્તાવને સ્વીકારવા માટે બંધાયેલા છે. ૨૨) ન્યાયાધીશો કોર્ટમાં "વિવેકાપૂર્ણ" ચુકાદાઓ આપવામાં બિલકુલ અચકાતા નથી. ૨૩) વર્તમાન મુખ્ય ન્યાયાધીશ શ્રી રમન્નાએ તેમના એક નિવેદનમાં ન્યાયતંત્રના ભારતીયકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ૨૪) આજના કાયદા એ અંગ્રેજો દ્વારા પ્રસ્તાવિત મુત્સદ્દીગીરીનું એકમાત્ર સ્વરૂપ છે. ૨૫) આપણા ભારતીય દર્શનનો મૂળ આધાર ધર્મ છે, જે આજના બંધારણ કે કાયદામાં દેખાતો નથી. ૨૬) એવું લાગે છે કે ૯૦ ટકા જનતા કોર્ટની કામગીરીથી અસંતુષ્ટ છે. ૨૭) ન્યાયાધીશના પદ સુધી પહોંચતા મોટાભાગના લોકો ખામીયુક્ત શિક્ષણ પ્રણાલીને કારણે નીતિવિષયક નિર્ણયો ન લઈને વિચિત્ર સૂચનાઓ આપતા અચકાતા નથી. ૨૮) આપણી શિક્ષણ પ્રણાલીની મૂળ રચના અસ્તિત્વમાં નથી. ૨૯) સર્વ ધર્મ સમભાવનું સૂત્ર ભ્રામક છે. ૩૦) કોર્ટે અજમલ કસાબ જેવા આતંકવાદીને પોતાનો કેસ રજૂ કરવાની મંજૂરી આપી, પરંતુ નૂપુર શર્માને એક પણ તક આપવામાં આવી ન હતી. ૩૨) ન્યાયિક પ્રણાલી અને તમામ ન્યાયાધીશોની જવાબદારી હોવી જોઈએ. ૩૨) ન્યાયાધીશોની નિમણૂક યોગ્ય રીતે થાય તે માટે આવી વ્યવસ્થા હોવી જોઈએ. 33) રામ મંદિરનો પેન્ડિંગ કેસ એ ન્યાયતંત્રના પક્ષપાતી વલણનું જીવંત ઉદાહરણ છે.



# ભારતીય વિચાર મંચ : વલસાડ કેન્દ્ર

તા.૨૯ જુલાઈ, ૨૦૨૨ ના રોજ ભારતીય વિચાર મંચ, વલસાડ તથા K M Law College ના સયુંકત ઉપક્રમે એક વ્યાખ્યાન સંપન્ન થયું. વિષય હતો 'સ્વાધીનતાનો અમૃત મહોત્સવ - વિસ્મૃત સ્વાતંત્ર્ય સેનાનીઓનું પુનઃ સ્મરણ.'




કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રી ડૉ. ભદ્રેશભાઇ સુદાણીએ વિષયની છણાવટ કરતાં જણાવ્યું કે સન ૧૪૯૮ માં વાસ્કો દ ગામા કલિકટ બંદરે વેપાર કરવા આવ્યો ત્યારથી લઈને સ્વાધીનતા સંગ્રામના અલગ અલગ તબક્કાઓ દરમિયાન બનેલી કેટલીય ઘટનાઓ, કેટલાય નાયક/નાયિકાઓ, કેટલાંય સ્થાનો વિશે આપણને માહિતી જ નથી.

ઉલ્લેખનીય પ્લાસીના યુદ્ધની વિગતો આપી કે કેવી રીતે લડ્યા વગર જ અંગેજો છળકપટથી જીતી ગયા. ત્યારબાદ ૧૮૫૭ ના સ્વાતંત્ર સંગ્રામ તથા તેનો વ્યાપ સફળ થતાં થતાં કેવી રીતે કુટિલતાએ પુનઃ એકવાર વીરતાને પરાજિત કરી તેનું વિશ્લેષણ રજૂ કર્યું.



સન ૧૯૦૦ થી ૧૯૪૭ ના સમયગાળા દરમ્યાન ઇતિહાસ જેની નોંધ લેવાનું ચૂકી ગયો એવા હુતાત્માઓને યાદ કરી નેતાજી સુભાષ ચંદ્રજીના પ્રયત્નો, એમને મળેલ સફળતા અને શા માટે અંગ્રેજો વહેલા ભારત છોડીને ભાગ્યા એ બધી વાતો કરીને હવે સ્વાધીનતાથી સ્વતંત્ર વ્યવસ્થાઓ કેવી રીતે ગોઠવાશે,

આ માટે આપણો શું સહયોગ પ્રયત્ન રહેવા જોઇએ એવી વાત કરી પુનઃ એકત્ર થઈ વધુ વાત કરવાનું નક્કી કરી વિષયનું સમાપન કર્યું હતું.

# ભારતીય વિચાર મંચ - ઉત્તર ગુજરાત : કાર્યકર્તા અભ્યાસ વર્ગ

ગત વર્ષની જેમ, આ વર્ષે પણ મંચના અભ્યાસવર્ગને પ્રાદેશિક સ્તરે વહેંચીને કરવા તેવો નિર્ણય પ્રાંત બેઠકમાં કરવામાં આવ્યો હતો. આ દૃષ્ટિએ પ્રાંતભરમાં ચાર અભ્યાસવર્ગ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર - કચ્છના જુલાઇ - ઓગસ્ટ મહિનામાં કરવા તેવું નક્કી કરેલ છે.



આ દૃષ્ટિએ ઉત્તર ગુજરાતના પાંચ કેન્દ્રનો સંયુક્ત એક પ્રાદેશિક અભ્યાસવર્ગ જેમાં અમદાવાદ, ગાંધીનગર, પાટણ, હિંમતનગર, મોડાસા કેન્દ્રો અપેક્ષિત હતા.

ભારતીય વિચાર મંચ ગુજરાત પ્રાંત દ્વારા નક્કી થયા મુજબ ઉત્તર ગુજરાતમાં આવેલ કેન્દ્રોનો કાર્યકર્તા અભ્યાસ વર્ગ શ્રાવણ સુદ ત્રીજ, ૨૦૭૮ વિક્રમ સંવત (તા. ૩૧ જુલાઈ ૨૦૨૨, રવિવાર) ના રોજ અમદાવાદમાં ભારત શોધ સંસ્થાન પરિસર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.



અભ્યાસ વર્ગનું આયોજન કુલ ૪ સત્રોમાં કરવામાં આવ્યું હતું. પ્રથમ સત્રમાં પ્રાંત મંત્રી શ્રી ઈશાનભાઈ જોષી દ્વારા ભારતીય વિચાર મંચ - કાર્ય, ઉદ્દેશ્ય - હેતુ, કાર્ય પદ્ધતિ અને રચનાનો પરિચય આપવામાં આવ્યો.

બીજા સત્રમાં આયામશઃ સમાંતર સત્રનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં બધા કાર્યકર્તા બે ભાગમાં વહેંચાઈને ૧) અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મંત્રી, સહ મંત્રી ૨) કેન્દ્રશઃ આયામ પ્રમુખો અને બાકીના કાર્યકર્તા એમ ૨ જૂથોમાં જે તે વિષય પર ચર્ચા કરી.

ભોજન અવકાશ બાદ ત્રીજા સત્રમાં

વૈચારિક વિષય પર ચર્ચા થઈ જેમાં મુખ્ય ૪ વિષયો પર ચર્ચા થઈ :

૧. હિંદુ - મુસ્લિમ સમસ્યા અને નિરાકરણ

૨. ભારતીયતાની પુનઃસ્થાપના માટે આપણે શું કરી શકીએ ?

૩. લોકતંત્રની હાલની સ્થિતિ અને તેનું ભવિષ્ય

૪. ભારતીય કુટુંબ વ્યવસ્થા : હાલની સ્થિતિનું મૂલ્યાંકન અને આગામી દિશા

ત્યારબાદ મુક્ત ચિંતન સત્રમાં દરેક કાર્યકર્તાઓએ કાર્યને લગતા વિષયો પર પોતાનાં સૂચન તથા અભિપ્રાય આપ્યા. અંતમાં 'પ્રજ્ઞા પ્રવાહ'ના અખિલ ભારતીય સહ સંયોજક શ્રી શ્રીકાંતભાઇ કાટદરે દ્વારા પોતાના પ્રેરણાદાયી વિચારો રજૂ કરીને અભ્યાસ વર્ગનું સમાપન કર્યું .




અભ્યાસ વર્ગમાં આવેલા તમામ કાર્યકર્તાઓએ પોતપોતાના કેન્દ્રોમાં ભારતીય વિચાર મંચનું કાર્ય આગળ વધે તેવા ધ્યેય તથા દૃઢ નિશ્ચય સાથે બધા છુટા પડ્યા.

<u>**પુસ્તક પરિચય**</u>


## પશ્ચિમીકરણ વગર આધુનિકીકરણ

પુસ્તક: પશ્ચિમીકરણ વગર આધુનિકીકરણ.

લેખક: દત્તોપંત ઠેંગડી

અનુવાદ: શ્રીકાંત કાટદરે

પ્રકાશક: ભારતીય વિચાર મંચ




સમર્પિત સમાજસેવી અને પ્રખરચિંતક શ્રી દત્તોપંત ઠેંગડી શબ્દના માધ્યમથી વિચાર મુકનારા એક પ્રખર અધિકારી પુરુષ હતા. શાશ્વત સિદ્ધાંતના અધિષ્ઠાન પર તત્કાલીન સમસ્યાઓ બાબતે ચિંતન એ તેમની વિશેષતા હતી. સમાજ અને રાષ્ટ્રજીવન સાથે સંબંધિત અનેક વિષયોને તેમણે પોતાનાં ભાષણો અને લેખન દ્વારા સ્પર્શ કર્યો છે.

પરાભૂત માનસિકતામાંથી નિર્મિત એક સમસ્યા છે આધુનિકતાને નામે પશ્ચિમીકરણ. આ કોઈ 'બધી દિશાઓમાંથી અમને સારા વિચારો પ્રાપ્ત થાઓ' વાળી જીવનદ્રષ્ટિ નથી પરંતુ માલિકોના અંધાનુકરણની અધમ માનસિકતા છે. આ અધમ માનસિકતા જ્યારે દેશના શાસકો, ચિંતકો, શિક્ષાવિદો, સમાજપુરુષોથી માંડીને સર્વસામાન્ય વ્યક્તિ સુધી પ્રસરે છે ત્યારે રાષ્ટ્ર અને સમાજનો શતમુખ વિનિપાત થાય છે.

પ્રસ્તુત પુસ્તિકામાં શ્રી ઠેંગડી આ જ વિષય પર પોતાનું ચિંતન પ્રકટ કરે છે અને વિશુદ્ધ તર્કને આધારે આ વિચારની નિરર્થકતા પ્રકટ કરવાની સાથે સાથે હિંદુની વૈશ્વિક જીવનદ્રષ્ટિ અને શ્રેષ્ઠત્વ સિદ્ધ કરે છે.

'હોમો ફેબર'ની ભાષામાં શું આપણે આધુનિકતાના આદર્શોને આધુનિકીકરણની પ્રક્રિયાઓ તથા અનુક્રમોને પશ્ચિમી રાષ્ટ્રોના અનુભવ સુધી સીમિત રાખવા જોઈએ? શું આપણે વિસ્તૃત અને વિવિધ સમાજને એક જ ઐતિહાસિક બિબામાં ઢાળી દેવા જોઈએ? શક્ય છે કે ભાવિ ઇતિહાસ પણ ભૂતકાળ જેવો જ ઘટે, પણ શું એ આવશ્યક છે કે તે પશ્ચિમના ભૂતકાળ જેવો જ નિવડે? વધુ હિતકારક વિજ્ઞાનના પ્રયોજનથી પણ શું એ વધુ યોગ્ય નહીં ગણાય કે સામાજિક અને સમાજશાસ્ત્રીય કલ્પનાઓની કોઈ સીમા નિર્ધારિત ન કરાય?

નાની પરંતુ સમૃદ્ધ પુસ્તિકામાં આવાં અનેક રસપ્રદ વિચાર વમળો ઊભાં કરવાની સાથે સાથે તેની પાછળ રહેલો તર્ક પણ સરળતાથી સમજાવાયો છે કે, 'જેમ યોગ્ય નિદાન અડધો ઉપચાર હોય છે તેમ પ્રશ્નની ઉપયુક્ત રચનાથી જવાબ શોધવામાં પૂરતી સહાયતા મળે છે.'

<u>આગામી કાર્યક્રમો</u>

<u>भारतीय विचार मंच  आयोजित एक दिवसीय राष्ट्रीय संगोष्ठी " स्वाधीनता से स्वतंत्रता की ओर : बहुआयामी विमर्श"</u>



# स्वाधीनता से स्वतंत्रता की ओर बहुआयामी विमर्श

यह वर्ष भारत की स्वाधीनताप्राप्ति का अमृतपर्व है। सम्पूर्ण वर्ष यह अमृतपर्व निमित्त शासकीय और अशासकीय केन्द्र तथा सामाजिक संस्था व संस्थानों में उत्साहपूर्ण अनेक कार्यक्रम आयोजित किए गए हैं । इस विषय में सबसे बड़ी भ्रामक मान्यता यदि समाज के बहुतांश लोगों में है तो वह यह है कि यह स्वातंत्र्यप्राप्ति का अमृतमहोत्सव है । स्वाधीनता और स्वतंत्रता दोनों बातों (संकल्पनाओं) में अन्तर है । भारतीय स्वाधीनता समर को अधिकतर परंतु एक अर्थ में एक अर्थ में कहें तो 15 अगस्त 1947 यह केवल सत्ता के हस्तांतरण का दिन था । जब कि स्वतंत्रता प्राप्ति के लिए देश आज भी लालायित है । देश में कुछ लोग आज भी इसके लिए जुझ रहे हैं । तो यह स्वाधीनता आन्दोलन और स्वतंत्रता आन्दोलन का अर्थ, सन्दर्भ क्या है ? आइए इसे समझते हैं।

भारतीय स्वाधीनता आन्दोलन भारत की राजनीतिक आत्मनिर्भरता हेतु (पैरों पर खड़े होने हेतु) हुआ एक जन आन्दोलन है । हमें आज यह बात जान कर आश्चर्य होगा की ब्रिटिश भारत में केवल भारत को स्वाधीन बनाने हेतु आन्दोलन नहीं हुआ। एक बहुआयामी और समग्रतालक्षी भारतीय दृष्टिकोण की पुनर्स्थापना हेतु आन्दोलन चला । स्वधर्म, स्वराज और स्वतंत्र - यह "स्व" त्रयी की प्राप्ति हेतु देश भर में दैवी ढंग से प्रयास चले । स्वाधीनता संग्राम के बारे में कुछ विमर्श चलें या चलाएं ऐसा हम कह सकते हैं । उसके उपरांत बहुत सी ऐसी बातों को हमसे छिपाया गया, जो प्रत्येक भारतीय के लिए जान लेना जरूरी है।

यह स्वाधीनता आन्दोलन व्यापक ढंग से सम्पूर्ण भारतवर्ष में चला । उत्तर, दक्षिण, पूर्व, पश्चिम चारों दिशाओं में एक साथ भारत को स्वाधीन बनाने हेतु नामीअनामी अनेक देशभक्तों ने अपना जीवन समर्पित किया । इस आन्दोलन की कुछ बातें हैं जो हम जानते हैं पर बहुत सारी बातें हैं जो हम आज तक नहीं जान पाए, यह पर्व है ऐसे हुतात्माओं के कार्य को हम जानें व अन्य लोगों तक पहुंचाएं । यह स्वाधीनता आन्दोलन था स्वराज से जुड़ा जो अपने देश में स्वशासन स्थापना हेतु था । राजनीतिक दृष्टिकोण से स्वशासित होने के लिए समग्र भारतवर्ष में लोगों में अलख जगाई । यह सम्पूर्ण आन्दोलन 'स्व' से प्रेरित था । स्वधर्म जगाने हेतु एक ही काल में भारत के विभिन्न क्षेत्रों में पुंथानम, गुरु नानकदेव, शंकरदेव तथा नरसिंह महेता जैसे दिव्य पुरुषों ने ज्योति जलाई । इस स्वधर्म में से भी तो स्वराज का ही अलख जगा । अंग्रेजों ने इसे तोड़ने हेतु और हमें भ्रमित करने हेतु अंग्रेजी शिक्षा से प्रेरित राजा राममोहन राय जैसे लोगों को तैयार किया । ताकि हमारे मस्तिष्क को धूम्राच्छादित रखा जाएं और हम हमारे स्व से विचलित रहें । जितना ही 'स्व' से यह आन्दोलन प्रेरित हुआ, अंग्रेजों ने हमें विचलित करने हेतु अनेक दुष्प्रयास किए।

'स्व' तंत्र की स्थापना हेतु अनेक विद्वदजनों ने प्रयास किए । जिसमें हिन्दू राजनीति के अद्येता काशीप्रसाद जायस्वाल, हिन्दू केमेस्ट्री के अद्येता पी सी राय, भारतबोध जगाने हेतु हिन्दू मेला के स्थापक नवगोपाल मित्र, पुणे सार्वजनिक एसोसिएशन जिसमें माधव गोविन्द रानडे, लोकमान्य तिलक, गोपालकृष्ण गोखले जैसे कई लोगों ने प्रयत्न किए । यह सारे प्रयत्नों के बावजूद भारत को तोड़ने के लिए अंग्रेजो ने वर्ण - जाति, लिंग, संस्कृति, सभ्यता, ज्ञान - विज्ञान, परम्परा इत्यादि सारी व्यवस्थाओं को नष्ट करने हेतु अनेकानेक प्रयास किए । इसी क्रम में कम्पनी सरकार ने जो अंग्रेजी शिक्षा, मिशनरी और मतांतरण को शासकीय परवाना दिया, भारतीय लोगों को भारतीय होने में शर्म आए ऐसे एक शासन के बाद ब्रिटिश ताज (Crown) का शासन प्रविष्ट हुआ । उन्होंने यह प्रयासों को अधिक तीव्र गति से आगे बढ़ाया । भारतीय सामाजिक ढांचे में जातियों के भीतर खाई बनाना, बढ़ाना जैसे कई प्रयास शुरू किए । कई जातियों के जातिगत व्यवसाय बंद करवा दिए और उन्हें धीरे धीरे पिछड़ी जाति ऐसा एक नाम देना प्रारम्भ किया । यही स्थिति राष्ट्रजीवन तथा समाजजीवन के विभिन्न क्षेत्रों में स्थापित करना उन्होंने प्रारम्भ कर दिया था । भारतवर्ष की आनेवाली नई पीढ़ियां अपनी ज्ञान संपदा और परम्परा से वंचित होती गई । मात्र वंचित होती गई ऐसा भी नहीं तो उसी के साथ कुछ लोगों के हृदय में भारतीय होना शर्मनाक होता है, ऐसी भी एक मानसिकता जाग्रत होना प्रारम्भ हुआ । ठीक उसी कालखंड में भारत की 'स्व' त्रयी का जागरण प्रारम्भ हो गया था । परन्तु उसे मुख्यधारा से दूर रखने में अंग्रेज सफल रहे ।

समस्या यह हुई की स्वाधीनता प्राप्ति को इसी भ्रमणा की स्थिति में एक बडे वर्ग ने अर्थात बहुतांश लोगो ने स्वातंत्र्यप्राप्ति मान लिया । मात्र स्व शासन हेतु हुए स्वाधीनता आन्दोलन को लोगों ने सीमित अर्थ में स्वातंत्र्य आन्दोलन मान लिया । स्वाधीनता प्राप्ति से आगे बढ़ कर हमें 'स्व' तंत्र प्राप्ति हेतु आगे बढ़ना है, यह विचार तत्कालीन समय में मुख्यधारा में आ नहीं पाया। धीरे धीरे श्रीमती गांधी द्वारा घोषित आपातकाल के बाद यह विषय थोड़ा थोड़ा मुख्यधारा में आना शुरू हुआ । आज यह स्वाधीनता प्राप्ति के ७५ वे वर्ष तक जब हम पहुँचे हैं तो हमारा और विशेषरूप से विचारवंतों का यह दायित्व है कि स्वाधीनता से स्वतंत्रता की इस सफर को समझें और आगे बढ़ाएं । पिछले कुछ वर्षों की बात करें तो भारत में शिक्षा के लिए राष्ट्रीय शिक्षा नीति २०२०, कृषि, ग्राम विकास के चल रहें और बढ़ रहें स्वदेशी प्रकल्प, आयुर्वेद और गौ माता के आधार पर चलने वाले प्रकल्पों की बढ़ती संख्या, शासनतंत्र में भारतीय बजेट का नाम और उसे पेश करने का ढंग बदल कर के लाल वस्त्र में लपेट कर "बही खाता" लाने की शुरुआत की, भारतीय सर्वोच्च न्यायालय के मुख्य न्यायाधीश न्यायमूर्ति रमन्नाजी ने भी न्याय और विधि व्यवस्था का भारतीयकरण करने की मांग की । यह सारें ऐसे उदाहरण हमारे सामने कुछ वर्षों में प्रस्तुत हुए है, जिसके आधार पर यह तो स्पष्ट है की हमारी दिशा ठीक है, बस आवश्यकता है धैर्य और आग्रहपूर्वक अन्यों को यह स्वाधीनता आन्दोलन से स्वतंत्रता के विषय में विभिन्न माध्यमों से माहिती पहूँचा कर के जाग्रत करें । आने वाले काल में दैशिक मानसिकता के आधार पर पुनर्स्थापित एक भारतीय व्यवस्थातन्त्र खड़ा हो उस हेतु से विचारविमर्श, शोध, प्रचार प्रसार तथा सारे कार्य करें और अन्यों को प्रेरित करें।

इसी दिशा में एक और कदम आगे बढ़ने हेतु भारतीय विचार मंच द्वारा "स्वाधीनता से स्वतंत्रता की और - बहुआयामी विमर्श" विषय पर एक दिवसीय राष्ट्रीय संगोष्ठी आयोजित हुई हैं।

**भवदीय,**
ईशान जोशी
मंत्री, भारतीय विचार मंच

**बीज भाषण**
**मान्यवर श्री मोहनराव भागवत**
(सरसंघचालक, राष्ट्रीय स्वयंसेवक संघ)

**वक्तागण**
**पूज्य श्री गोविंददेव गिरी जी महाराज**
( कोषाध्यक्ष - श्री राम जन्मभूमि मन्दिर तीर्थक्षेत्र, अयोध्या
प्रसिद्ध विचारक एवं संसद सदस्य - राज्यसभा)

**श्री सुधांशु त्रिवेदी**
(संसदसभ्य, राज्यसभा, प्रसिद्ध विचारक)

**सुश्री निवेदिता भिड़े**
(अध्यक्षा, विवेकानन्द केन्द्र - कन्याकुमारी)

**समापन**
**सुश्री इंदुमती काटदरे**
(कुलाधिपति, पुनरुत्थान विद्यापीठ)

**संगोष्ठी प्रारम्भ :** प्रातः 10.00 बजे से, 14 सितम्बर 2022, बुधवार
**समापन :** सायं 7.00 बजे, 14 सितम्बर 2022, बुधवार

**स्थान**
सभागृह, गुजरात विश्वविद्यालय, अमदावाद, गुजरात
(संगोष्ठी स्थान रेलवे स्टेशन से 10 किमी, हवाई अड्डे से 20 किमी और
बस स्टेशन से 7 किमी की दूरी पर है।)

**सहयोग राशि**
300 ₹ व अधिक


**पंजीकरण**
https://rzp.io/l/bvm-national-seminar

**सूचनाएं**
1. संगोष्ठी में पूर्ण समय रहना अपेक्षित है ।
2. अग्रिम पंजीकरण अनिवार्य है, पंजीकरण के बाद व्यवस्था की अनुमति से ही आप प्रवेश प्राप्त कर सकते है ।
3. निश्चित समय तक (06 अगस्त से 31 अगस्त 2022 तक) पंजीकरण खुला रहेगा । (सभागृह की मर्यादानुसार पहले भी पंजीकरण बंद हो सकता है)
4. दूर से आने वाले प्रतिभागियों के लिए निवास व्यवस्था उपलब्ध है। जिसे आवश्यक है, वे कृपया पंजीकरण में उसका उल्लेख जरूर करें।
5. निवास व्यवस्था 13 सितम्बर सायंकाल से, 15 सितम्बर प्रातःकाल तक रहेगी ।
6. रेलवे स्टेशन, बस स्टेशन और हवाई अड्डे से आप अपनी व्यवस्था से आवागमन करेंगे ।
7. गोष्ठी के स्थान पर स्थित वैचारिक साहित्य बिक्री केन्द्र का आप लाभ ले सकते है।

**सम्पर्क**
**अनल वाघेला: +919824803187 | केदार देशमुख : +919033811014**
admn_bvm@vichar.org

<u>ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત ઉત્તમ સાહિત્ય હવે ઓનલાઇન પણ ઉપલબ્ધ</u>

સમાજ અને રાષ્ટ્ર જીવન માટે મહત્વપૂર્ણ વિષયો પર ગહન અભ્યાસપૂર્ણ સામગ્રી... હવે આંગળીના ટેરવે.




વિશુદ્ધ વૈચારિક ભાથું પીરસતું સમૃદ્ધ સાહિત્ય આજે જ મંગાવો... વાંચો...અને વંચાવો.

૧) રક્તરંજીત મધ્યપૂર્વ : ઇતિહાસ અને વર્તમાન

૨) આવરણ

૩) ભારતીય જ્ઞાનનો ખજાનો

૪) અંગ્રેજી માધ્યમની ભ્રમજાળ : ભારતના વિકાસ માટે ભાષા આયોજન.

૫) भारत का राजा : महाभारत में राजत्व का परिप्रेक्ष्य।

૬) “વિનાશપર્વ : ભારત પર અંગ્રેજોનું રાજ”

૭) "હિંદુત્વ : વિભિન્ન પાસાં સરળતાથી”

૮) मुस्लिम सोचें

' ભારતીય વિચાર મંચ ' દ્વારા પ્રકાશિત પુસ્તકો, મંચની વેબસાઇટ: https://vichar.org/books પરથી આજે જ ખરીદો.

# વિચાર બોધ

## એક સરસ ટૂંકી બોધ વાર્તા

મહાન દેશભક્ત સુભાષચંદ્ર બોઝ

તે સમયે સૌથી અઘરી ગણાતી આઈ.સી.એસ.ની પરીક્ષ સુભાષબાબુએ ખૂબ જ સારા માર્કે પાસ કરી હતી, પરંતુ તેમણે આઈ.સી.એસ.નું પદ ઠુકરાવી દીધું. એ કારણોસર તેમના પિતા એટલા દુ:ખી થયા કે તેઓ બીમાર પડી ગયા. પિતાની ગંભીર હાલત જોઈને તેમના મોટાભાઈએ (શરતચંદ્ર ) સુભાષને પત્ર લખ્યો. તેમણે લખ્યું, 'પિતાજી તારા નિર્ણયથી બહુ જ ક્રોધિત છે. આવેશમાં આવીને તે આ નિર્ણય કેમ કરી લીધો? તે પિતાજીની સલાહ કેમ ન લીધી?' પત્ર વાંચીને સુભાષ અવઢવમાં પડી ગયા. તેમણે મોટાભાઈને વિનમ્રતાપૂર્વક પત્ર લખ્યો, ઇંગ્લેન્ડના રાજા પ્રત્યે વફાદારીના શપથ લેવા મારા માટે શક્ય ન હતા. હું પોતાને રાષ્ટ્રની સેવામાં સમર્પિત કરવા ઇચ્છું છું. હું મુશ્કેલીઓ સહન કરવા તૈયાર છું. ત્યાં સુધી કે અભાવ, ગરીબી, અને માતા-પિતાની નારાજગી પણ સહન કરવા તૈયાર છું.'

સુભાષનો જવાબ મળતા ભાઈએ વધુ પત્ર સુભાષને લખ્યો, 'પિતાજી આખી રાત સૂતા નથી. તે બહુ જ દુ:ખી છે. ભારત પરત થતાં જ તને પકડી લેવામાં આવશે. સરકાર હવે તને સ્વતંત્ર નહીં રહેવા દે. તે તારી ગતિવિધિઓને રોકવાની કાર્યવાહી અવશ્ય કરશે.'

આ પત્ર સુભાષના મિત્ર દિલિપરાયે પણ વાંચ્યો. તે પણ પત્ર વાંચીને બોલ્યો, સુભાષ હજુ પણ સમય છે. ઈચ્છે તો તારું રાજીનામું પાછું લઈ શકે છે. આ સાંભળીને સુભાષનો ચહેરો ક્રોધથી લાલ થઈ ગયો. તે બોલ્યો, 'તું એવું વિચારી પણ કેમ શકેછે?"

દિલિપરાય સુભાષનો ગુસ્સો જોઈને ધીરેથી બોલ્યા, "પિતાજીની સ્થિતિને જોઈને હું આમ કહી રહ્યો છું." મિત્રની વાત કાપીને સુભાષ બોલ્યા, "હું જાણું છું, પરંતુ પોતાના પરિવારની પ્રસન્નતાના આધાર પર આપણે આપણા આદર્શને નક્કી કરીએ તો શું એ યોગ્ય હશે? તે વાત સાંભળીને દિલિપરાય નતમસ્તક રહી ગયા.

# Join BVM (ભારતીય વિચાર મંચ)

**વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.**

**ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.**

**ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો**

**https://forms.gle/mrueb1RyFh4UthxdA**

***

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.